પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૨૨, મંગળવાર; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની મેડલ કૂચ

## બેડમિન્ટન મહિલા - પુરૂષ સિંગલ્સમાં સિંધૂ-લક્ષ્ય સેનને ગોલ્ડ મેડલ : ભારતના ૨૦ ગોલ્ડ

બર્મિંગહામ, તા.૮

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધૂએ ધમાકેદાર પ્રદર્શન કરતાં કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં વિમેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. પીવી સિંધૂનો આ પ્રથમ કોમનવેલ્થ ગેમ્સ ગોલ્ડ મેડલ છે. બીજી તરફ મેન્સ સિંગલ્સમાં ભારતનો દબદબો રહ્યો હતો અને તેનો ગોલ્ડ મેડલ પણ ભારતના નામે થયો હતો. ભારતના યુવાન સ્ટાર શટલર લક્ષ્ય સેને મેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. લક્ષ્ય સેને પણ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ની સિંગલ ફાઈનલમાં મલેશિયાના ત્ઝે યોંગને હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. કોમનવેલ્થ ગેમ્સના સિંગલ્સમાં લક્ષ્ય સેનનો આ પ્રથમ ગોલ્ડ મેડલ છે. આ અગાઉ દુનિયાના ૧૦મા નંબરના શટલર લક્ષ્ય સેને કોમનવેલ્થ ગેમમાં વધુ એક મેડલ પોતાન નામે કર્યો છે. તેમણે આ પહેલાં મિક્સડ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. જોકે ૨૦૨૨ના કોમનવેલ્થમાં તેમણે ગોલ્ડ જીતીને ઈતિહાસ રચી દીધો છે.





આ સાથે જ ભારતના ખાતામાં કુલ ૨૦ ગોલ્ડ મેડલ, ૧૫ સિલ્વર મેડલ અને ૨૨ બ્રોન્ઝ મેડલ છે. સિંધૂએ સોમવારે વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં કેનેડાની મિચેલ લિને સીધી ગેમસમાં પરાજય આપીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતની વિશ્વની સાતમી ક્રમાંકિત ખેલાડીએ ૨૧-૧૫, ૨૧-૧૩થી વિજય નોંધાવ્યો હતો.

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમને સિલ્વર મેડલ

### ભારતીય ટીમ માટે આ રજત પણ ગોલ્ડથી ઓછો નથી કારણ કે ટીમે વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને જોરદાર ટક્કર આપી



બર્મિંઘામ, તા.૮

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ૯ રનથી હારીને સિલ્વર મેડલ સાથે સંતોષ માનવો પડ્યો છે. જોકે ભારતીય ટીમ માટે આ રજત પણ ગોલ્ડથી ઓછો નથી કારણ કે ટીમે વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને જોરદાર ટક્કર આપી છે.

બર્મિંગહામના એજબેસ્ટન મેદાન ખાતે રવિવારના રોજ રમાયેલી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ પહેલા બેટિંગ કરીને ૮ વિકેટ પર ૧૬૧ રનનો સ્કોર બનાવ્યો હતો. તેના જવાબમાં ભારતીય ટીમ ૧૯.૩ ઓવરમાં ૧૫૨ રન જ બનાવી શકી હતી.

ઓસ્ટ્રેલિયાએ આપેલા ૧૬૨ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરીને ૨૨ના સ્કોર પર જ પોતાના બંને ઓપનર્સ શેફાલી વર્મા (૧૧) અને સ્મૃતિ મંધાના (૬)ની વિકેટ ગુમાવી દીધી. જોકે ત્યાર બાદ કેપ્ટન હરમનપ્રીત કૌર (૬૫) અને જેમિમાહ રોડ્રિગ્સ (૩૩)એ ત્રીજી વિકેટ માટે ૭૧ બોલ પર ૯૬ રનની ભાગીદારી કરીને ટીમને સંકટમાંથી બહાર કાઢી હતી. હરમનપ્રીત કૌરે આ દરમિયાન પોતાનો આ વર્ષનો બેસ્ટ સ્કોર કર્યો છે.

## જેડીયુ-ભાજપ ગઠબંધનમાં મડાગાંઠનાં સંકેત

### બિહારના રાજકારણમાં ભારે ગરમાવો : અટકળો એ હદે જોરમાં છે કે, નીતીશ કુમારની પાર્ટી ભાજપ સાથેનું ગઠબંધન તોડી શકે છે

પટના, તા.૮

બિહારના રાજકારણમાં હાલ ભારે ગરમાવો વ્યાપેલો છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે મંગળવારના રોજ જનતા દળ યુનાઈટેડના (જેડીયુ) તમામ ધારાસભ્યો અને સાંસદોની બેઠક બોલાવી હતી. રાજ્યની જેડીયુ અને ભાજપની ગઠબંધન સરકારમાં કશુંક રંધાઈ રહ્યું હોવાનું જણાય છે. અટકળો એ હદે જોરમાં છે કે, નીતીશ કુમારની પાર્ટી ભાજપ સાથેનું ગઠબંધન તોડી શકે છે. ત્યારે આ પ્રકારની અટકળોનો આધાર કયો છે અને નીતીશ કુમાર શા કારણે ભાજપ સામે રોષમાં છે તે જાણવું જરૂરી બની જાય છે.

સીએમ નીતીશ કુમાર ઈચ્છે છે કે, વિજય કુમાર સિન્હાને બિહાર વિધાનસભામાં સભા અધ્યક્ષ પદેથી દૂર કરવામાં આવે. તેમણે અનેક વખત સિન્હા માટેની નારાજગી વ્યક્ત કરેલી છે. તેમના દ્વારા લગાવવામાં આવેલા આરોપ પ્રમાણે સ્પીકર તેમની સરકાર સામે સવાલ કરીને બંધારણનું ઉલ્લંઘન કરી રહ્યા છે.

નીતીશ કુમાર એ વાતે પણ નારાજ છે કે, તેમની પાર્ટીના માત્ર એક જ નેતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં જગ્યા ઓફર કરવામાં આવી. બિહારમાં કેબિનેટના વિસ્તરણ દરમિયાન નીતીશે પોતાની પાર્ટીના ૮

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીકાંત ત્યાગીનું ગેરકાયદેસર દબાણ હટાવાતા સોસાયટીમાં મિઠાઈ વહેંચાઈ

### નોઈડાની એક સોસાયટીમાં મહિલા સાથે ગેરવર્તનના મામલો : શ્રીકાંત ત્યાગીનું છેલ્લું લોકેશન હરિદ્વાર અને ઋષિકેશની વચ્ચે મળ્યું

નવી દિલ્હી, તા.૮

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને અડીને ઉત્તર પ્રદેશના નોઈડાની એક સોસાયટીમાં મહિલા સાથે ગેરવર્તનના મામલે ઘણુ જોર પકડ્યું છે. આ મામલાનો આરોપી શ્રીકાંત ત્યાગી હજુ સુધી ફરાર છે. આ દરમિયાન ત્યાગીના લગભગ ડઝન ભર સમર્થકો રવિવારે સાંજે સોસાયટીમાં ઘૂસી ગયા હતા અને ખૂબ જ હંગામો કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે આ દરમિયાન ઉપદ્રવી આ મહિલાનું નામ અને સરનામું પણ પૂછી રહ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ ગૌતમબુદ્ધ નગરથી બીજેપી સાંસદ મહેશ શર્મા અને નોઈડાથી બીજેપી ધારાસભ્ય પંકજ સિંહ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચ્યા હતા અને કાયદા-વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યા હતા.



ઉત્તર પ્રદેશની નોઈડા ઓથોરિટી ટીમે ઓમૈક્સ સોસાયટી પહોંચીને શ્રીકાંત ત્યાગીના ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ફેરવી દીધુ હતું. આરોપીએ પોતાના ફ્લેટની આસપાસ દબાણ કરી રાખ્યું હતું. પોતાને બીજેપી નેતા ગણાવનાર શ્રીકાંત ત્યાગી સોસાયટીનો મેન્ટેનેન્સ ચાર્જ પણ નહોતો આપતો. પરંતુ મહિલા સાથેના ગેરવર્તનો વીડિયો વાયરલ થયા બાદ વહીવટીતંત્ર એક્શનમાં આવી ગયું હતું.

### શ્રીકાંત ત્યાગી માટે રૂ.૨૫ હજારનું ઈનામ જાહેર

નવી દિલ્હી, તા.૮

નોઈડાના દબંગ નેતા શ્રીકાંત ત્યાગીની ધરપકડ કરવા માટે યુપી સરકારે કમર કસી લીધી છે. સોમવારે સેક્ટર-૯૩ સ્થિત ઓમેક્સ સોસાયટીમાં આરોપીનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. હવે શ્રીકાંત ત્યાગી પર ૨૫ હજારનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું છે. ફરાર આરોપીના સર્ચ ઓપરેશનમાં હવે પોલીસ ટીમો ઉપરાંત સ્પેશિયલ ટાસ્ક ફોર્સ પણ જોડાઈ ગઈ છે.

## સીકરના પ્રસિદ્ધ મેળામાં ભાગદોડ

### ૩ મહિલાના મોત : મંદિરનો પ્રવેશ દ્વાર ખોલતા જ ભીડનું દબાણ વધવાથી ભાગદોડ મચી : પોલીસ શ્રદ્ધાળુઓની ભીડને સંભાળે તે પહેલા ભાગદોડ શરુ થઇ ગઇ હતી, પોલીસકર્મી પણ ગભરાઇ ગયા હતા. ભાગદોડના કારણે શ્રદ્ધાળુ એકબીજા પર ચડીને ભાગવા લાગ્યા

સીકર,તા.૮

રાજસ્થાનના સીકરથી એક મોટી દુર્ઘટના સામે આવી છે. રાજસ્થાનના સીકર જિલ્લામાં આવેલ ખાટૂશ્યામજીના માસિક મેળામાં સોમવારે સવારે ભાગદોડ મચી છે. જેમાં ૩ મહિલા ભક્તોના મોત થયા છે. જ્યારે ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. સૂચના મળતા જ પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી દઈ છે અને રાહત કાર્ય શરુ કરી દીધું છે. હાલ ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટના માસિક મેળામાં સામેલ થવા માટે ઉમટી પહેલી ભીડના કારણે બની હતી. મંદિરમાં પોલીસ તૈનાત રહે છે. મેળા દરમિયાન પોલીસની સંખ્યા વધારવામાં પણ આવે છે. જોકે સોમવારે ભારે ભીડના કારણે વ્યવસ્થા સચવાઈ ન હતી. પોલીસ શ્રદ્ધાળુઓની ભીડને સંભાળે તે પહેલા ભાગદોડ શરુ થઈ ગઈ હતી. પોલીસકર્મી પણ ગભરાઈ ગયા હતા. ભાગદોડના કારણે શ્રદ્ધાળુ એકબીજા પર ચડીને ભાગવા લાગ્યા હતા. દુર્ઘટનામાં







## પંચે મતદાર યાદીમાંથી આશરે કરોડ ડુપ્લિકેટ એન્ટ્રીને દૂર કરી

નવી દિલ્હી, તા.૮

ભારતવાસીઓ માટે આધાર કાર્ડ એક મહત્વનો દસ્તાવેજ બની ગયું છે અને મોટા ભાગના કામમાં તેની જરૂરિયાત મહત્વની બની રહી છે. સરકાર પણ તમામ જરૂરી દસ્તાવેજોને આધાર કાર્ડ સાથે લિંક કરી રહી છે. તેમાં અનેક બોગસ નામોનો પણ ખુલાસો થતો હોય છે.

છેલ્લા કેટલાક સમયથી મતદાર યાદીને પણ આધાર કાર્ડ સાથે જોડવાની કવાયત ચાલી રહી છે. ડેટા ઓનલાઈન અપલોડ કરવાની આ પ્રક્રિયામાં વોટર આઈડી કાર્ડને ડેમોગ્રાફિક તથા ફોટો સંબંધી ડેટા સાથે મેળવીને ઠીક કરવામાં આવે છે. દરમિયાન ચૂંટણી પંચે મતદાર યાદીમાં રહેલી આશરે એક કરોડ જેટલી ડુપ્લિકેટ એન્ટ્રીને ઠીક કરી છે અથવા તો તે એન્ટ્રીને દૂર કરી દેવામાં આવી છે. આયોગે છેલ્લા ૭ મહિનાથી ચાલી રહેલા કામમાં વોટર આઈડી કાર્ડ મામલે કેટલાક મહત્વના પગલાં ભર્યા છે.

અધિકારીઓના કહેવા

## સંજય રાઉતની ઈડીએ ૨૨ ઓગસ્ટ સુધી કસ્ટડી વધારી

મુંબઈ, તા.૮

શિવસેના સાંસદ સંજય રાઉતને સોમવારે પણ કોર્ટમાંથી રાહત નથી મળી. કોર્ટે તેમની કસ્ટડી ૨૨ ઓગષ્ટ સુધી વધારી દીધી છે.

પાત્રા ચાલ કૌભાંડ મામલે ઈડીની તપાસનો સામનો કરી રહેલા રાઉતની ૩૧ જુલાઈના રોજ ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે તેમને ત્રીજી વખત કસ્ટડીમાં મોકલ્યા છે.

ગુરૂવારે કોર્ટે રાઉતની કસ્ટડી ૮ ઓગષ્ટ સુધી વધારી હતી. આ સાથે જ કોર્ટને એ પણ જાણવા મળ્યું કે, એજન્સીએ તપાસમાં ઘણી પ્રગતિ કરી છે. ઈડી મની લોન્ડ્રિંગ મામલે સંજય રાઉતની તપાસ કરી રહી છે. શનિવારે તેમના પત્ની વર્ષા પણ પૂછપરછ માટે તપાસ એજન્સી સામે હાજર થઈ હતી.

## કોલસા કૌભાંડમાં પૂર્વ કોલસા સચિવ ગુપ્તાને ત્રણ વર્ષની કેદ

### કોલસા વિભાગના પૂર્વ સંયુક્ત સચિવ કેએસ ક્રોફાને પણ બે વર્ષની જેલની સજા સંભળાવી છે અને તેમના પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ લાદ્યો

નવી દિલ્હી, તા.૮

દિલ્હીની એક કોર્ટે મહારાષ્ટ્રમાં કોલસાની ખાણની ફાળવણીમાં ગેરરીતિ સંબંધિત કેસમાં ભૂતપૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તાને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી છે.

સ્પેશયલ જજ અરુણ ભારદ્વાજે કોલસા વિભાગના પૂર્વ સંયુક્ત સચિવ કેએસ ક્રોફાને પણ બે વર્ષની જેલની સજા સંભળાવી છે અને તેમના પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ લાદ્યો છે. સજાની સાથે ગુપ્તાને ૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

લોહારા ઈસ્ટ કોલ માઈનની ફાળવણી સંબંધિત કેસમાં કોર્ટે બંનેને ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર માટે દોષિત ઠેરવ્યા હતા. આ દરમિયાન કોર્ટે દોષિત કંપની ગ્રેસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (જીઆઈએલ)ના ડિરેક્ટર મુકેશ ગુપ્તાને ગુનાહિત કાવતરા અને છેતરપિંડી માટે ચાર વર્ષની જેલની સજા ફટકારી છે અને તેમના પર ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. સાથે જ કંપનીને ૨ લાખ રૂપિયાનો અલગથી દંડ ભરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

એચસી ગુપ્તાને અગાઉ કોલસા કૌભાંડના અન્ય ત્રણ કેસમાં પણ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ કેસોમાં સજા વિરુદ્ધ ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી દિલ્હી હાઈકોર્ટમાં હાલ પેન્ડિંગ છે અને ગુપ્તા હાલ જેલમાં છે.

## ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ત્રણ માસમાં ૧૮,૪૮૦ કરોડનું નુકસાન

### લાંબા સમયથી ઈંધણમાં ભાવ સ્થિર : ૨૦૨૨માં અનેક રાજ્યોની ચૂંટણીને કારણે સરકારી દબાણ હેઠળ ઓએમસીએ ભાવમાં કોઈ વધારો-ઘટાડો નહોતો કર્યો

મુંબઈ, તા.૮

કેન્દ્રની મોદી સરકાર એકતરફ કહે છે કે બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવ અંકુશ મુક્ત કરવામાં આવ્યા છે અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) સ્વેચ્છાએ ભાવ વધારી કે ઘટાડી શકે છે પરંતુ આ નિયંત્રણમુક્ત નીતિ માત્ર નામની હોય તેમ લાગી રહ્યું છે. ૨૦૨૨માં અનેક રાજ્યોની ચૂંટણીને કારણે સરકારી દબાણ હેઠળ ઓએમસીએ ભાવમાં કોઈ વધારો-ઘટાડો નહોતો કર્યો. સામે પક્ષે ક્રૂડના ભાવ ૧૩૦ ડોલરના રેકોર્ડ હાઈ પર પહોંચવા છતા ઓઈલ માર્કેટિંગ કંપનીઓને છુટ્ટા ખાતે ભાવ ફેરફાર કરવાની પરવાનગી ન આપતા દેશની ટોચની ઓઈલ કંપનીઓને મસમોટું નુકશાન થઈ રહ્યું છે.

મોંઘવારી વધવા છતાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો સ્થિર રાખવાને કારણે જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓને ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કુલ રૂ. ૧૮,૪૮૦ કરોડનું નુકસાન થયું છે. ટોચની ૩ જાહેર ક્ષેત્રની ઓઈલ

● અનુસંધાન પાન-૭ પર

Gandhinagar Kelavani Mandal

**YOGESHBHAI BHIKHABHAI NAYI PRIMARY SCHOOL**

(English Medium)

Invites applications for the Primary Teacher. Candidate must be Graduate with B.Ed. having minimum 2 years of teaching experience in English Medium & good command over written and spoken English.

Email you complete resume at

**ybnayienglish@gmail.com**

along with recent passport size photograph withing 7 days or post at

**Koba Patiya, Koba, Ahmedabad-Gandhinagar Highway.**

**Phone At (M) 8980897516**

(Between 10.00 to 12.00 noon.)